

ગાંધીનગર મહાનગરપાલિકામાં કોન્ટ્રાકટ પધ્ધતિથી જોડાયેલા સફાઈ કર્મચારીઓ મનપાની કચેરીએ પહોંચ્યા હતા. એક દિવસની રજા પાડે તો કર્મચારીઓનો બે દિવસનો પગાર કાપી લેવાતો હોવાથી સફાઈ કર્મીઓ રોષે ભરાયા છે.

# શહેરમાં ઠંડી વધી : પારો ૫ ડિગ્રી ગગડ્યો

**ડિસેમ્બર માસના મધ્યમાં આકરી ઠંડી પડી રહી છે : લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીએ પહોંચ્યું : આગામી દિવસોમાં કોલ્ડવેવની આગાહી**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. બે દિવસમાં પારો ૫ ડિગ્રી જેટલો ગગડતા વસાહતીઓ કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આગામી એકાદ-બે દિવસમાં વધુ ઠંડી પડશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

ડિસેમ્બર માસના મધ્યમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. બે દિવસ અગાઉ વાદળો આવતા ઠંડીમાં થોડીક રાહત મળી હતી અનો લઘુત્તામ તાપમાન ૧૭ ડિગ્રીએ પહોંચ્યુ હતુ. વાદળો હટતા જ ઠંડીનો પારો સડસડાટ નીચે ઉતર્યો હતો. પવનની દિશા બદલાતા ઠંડીમાં વધારો થતો ગયો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયુ હતુ,

જ્યારે મહત્તમ તાપમાન ૨૮ ડિ.સે. રહ્યુ હતુ. ગઈરાત્રે પણ ઠંડીની અસર વધતી રહી હતી અને પારો ૧૨ ડિગ્રી સુધી ગગડ્યો હતો.

લઘુત્તમ તાપમાન બે દિવસમાં જ પાંચ ડિગ્રીની ગીરાવટ આવતા શહેરીજનોએ આકરી ઠંડીનો અનુભવ કર્યો હતો. ઠંડીની અસર જનજીવન પર જોવા મળી હતી. સાંજથી જ શહેરના માર્ગો અવરજવર વિના સુના પડી ગયા હતા. આંતરિક વિસ્તારોમાં પણ અવરજવર નહીવત જોવા મળી હતી. એકલદોકલ વસાહતીઓ કોઈ કામ અર્થે બહાર નીકળતા હતા પરંતુ તેઓ પણ ઠંડીથી રક્ષણ મેળવવા સ્વેટર કે શાલ ઓઢીને જતા નજરે ચઢ્યા હતા.

ઠંડીની અસર વધતા ગરમ વસ્ત્રો અને બ્લેન્કેટની ખરીદી વધી હતી. શહેરમાં બે સ્થળોએ તીબેટીયન માર્કેટ ભરાયા છે જ્યાં ભીડ જોવા મળી હતી.

ઠંડીની સૌથી વધુ અસર કચ્છમાં વર્તાઈ હતી. કચ્છના નલીયામાં તો લઘુત્તમ તાપમાન ૫ ડિ.સે. સુધી ગગડી ગયુ હતુ. હજુ થોડાક દિવસ ઠંડીનો પારો નીચો જશે. કેટલાક વિસ્તારોમાં કોલ્ડવેવની અસર જોવા મળશે. કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# મનપાના સફાઈ કામદારોએ પગાર મુદ્દે હડતાલ પાડતાં સફાઈકામ ઠપ્પ

ગાંધીનગર, તા. ૧૫

વિવાદ નગરી તરીકેની ઓળખ ઉભી કરનાર ગાંધીનગર મનપા વિસ્તારમાં આજે અડધો મહિનો પુરો થવા છતાં પગાર ન મળતાં સફાઈ કામદારોએ વધુ એક વખત હડતાલનો આશરો લીધો હતો.

કામદારોને ઓછા પગાર અને પગારમાં વિલંબની ફરિયાદો દૂર કરવામાં ઉદાસીનતા રખાતા બુધવારે શહેરમાં સફાઈની કામગીરી ઠપ્પ થઈ જવા પામી હતી. હડતાલ પર ગયેલા કર્મચારીઓએ મનપાની કચેરીમાં હોબાળો મચાવી અને સૂત્રોચ્ચાર કર્યો હતો.

**કામદારોએ સૂત્રોચ્ચાર કરી હોબાળો કરતાં મ્યુનિ. કચેરીના દરવાજા બંધ કરી પોલીસ બોલાવવી પડી**

પડતર માગણીઓના ઉકેલ માટે બુધવારે કચેરી ખુલવાના સમયે સફાઈ કામદારો મનપાની કચેરીએ એકત્ર થયા હતા બાદમાં કચેરીના પ્રથમ મજલે આવેલ કમિશનરની કચેરી ખાતે રજુઆત માટે પહોંચ્યા હતા. સફાઈકર્મીઓએ અહિ સૂત્રોચ્ચાર કરી કચેરીને ગજવી દીધી હતી.

તંત્ર દ્વારા સમજાવટના પ્રયાસો હાથ ધરાયા હતા એ દરમ્યાન વાતાવરણમાં ઉત્તેજના વ્યાપી જતા એક તબક્કે પોલીસ બોલાવીને સ્થિતિ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.

સફાઈ કામદારોએ કરેલા આક્ષેપો મુજબ એજન્સીના સંચાલકો અને સત્તાધીશો દ્વારા તેમની રજુઆતો સામે આંખ આડા કાન કરી રહ્યા છે. ૧૫ તારીખ ગઈ પણ હજુ પગાર મળ્યો નથી. એક દિવસની રજા પડે તો બે દિવસનો પગાર કપાતો હોવાનો દાવો કામદારોએ કર્યો છે.

લાઈવ જી.પી.એસ. લોકેશન આપતી ઘડિયાળો પહેરવાના કારણે પગાર કપાઈ જતો હોવાની વાત પણ કામદારોએ કરી હતી.

જો કે આજે મનપાના પરિસરમાં ઓચિંતી હડતાલ માટે કોની રમત જવાબદાર હોવાની વાતોએ ભારે ચર્ચા જગાવી હતી. જાન્યુઆરી માસમાં વાયબ્રન્ટ સમીટ યોજાવાની છે અને સ્વચ્છતા અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યુ છે ત્યારે સફાઈ કામદારોએ કેમ હડતાલનું શસ્ત્ર ઉગામ્યુ તેને લઈ ચર્ચાઓ ચાલી હતી.

દરમ્યાન કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે આજે એક નિવેદનમાં સફાઈ એજન્સી પર શાસક પક્ષના ચાર હાથ હોવાથી મ્યુનિ. તંત્ર પગલાં લેતુ નથી. તેમણે તંત્ર અને એજન્સીની મિલીભગત હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

બારોટે પગાર નહિ મળ્યો હોવાની બાબતે રજુઆત કરવા આવેલા કર્મચારીઓને અધિકારી કે પદાધિકારી મળ્યા ન હતા. એજન્સી વિરૂદ્ધ પદાધિકારીઓ એક શબ્દ પણ ઉચ્ચારતા નથી.

# જિલ્લામાં પંચાયતની ચૂંટણીમાં ૧૫૮ સંવેદનશીલ અને ૬૭ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે

**રવિવારે યોજાનાર ૧૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તંત્ર દ્વારા તૈયારીઓ આખરી તબક્કામાં**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં રવિવારે યોજાનાર ૧૫૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે નિયત કરાયેલ ૪૯૭ મતદાન મથકો પૈકી ૨૨૫ મતદાન મથકો સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ કેટેગરીના છે. તંત્ર દ્વારા આ અંગેની ચાલી રહેલી તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૮ સંવેદનશીલ અને ૬૭ અતિ સંવેદનશીલ મતદાન મથકોને ઓળખી કાઢવામાં આવ્યા છે અને ત્યાં વધુ સઘન પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે.

જિલ્લામાં સૌથી વધુ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મથકો દહેગામ તાલુકામાં આવેલા છે. જ્યાં ૨૨૩ મતદાન મથકો પૈકી ૧૦૬ મતદાન મથકો સંવેદનશીલ છે. આ પૈકી ૫૬ સંવેદનશીલ અને ૫૦ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે.

ગાંધીનગરમાં ૭૩ સંવેદનશીલ અને ૮ અતિ સંવેદનશીલ, કલોલમાં ૯ સંવેદનશીલ અને ૯ અતિ સંવેદનશીલ તેમજ માણસામાં ૨૦ સંવેદનશીલ મતદાન મથકો છે.

જિલ્લામાં ૧૫૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. જેમાં સરપંચ પદ માટે ૧૫૨ ગામોમાં ૫૭૮ વોર્ડ સભ્યો માટે યોજાનાર આ ચૂંટણી જંગ માટે ૪૯૭ મતદાન મથકો ઉભા નિયત કરવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૪,૧૦,૧૧૭છે.

ગ્રામ્ય વિસ્તારમાં અનેરો રંગ જમાવનાર આ ચૂંટણીજંગમાં નોંધાયેલા મતદારોમાં ૨,૦૯,૭૬૭ પુરૂષ મતદારો અને ૨,૦૦,૩૩૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકામાં ૨૨૩ મતદાન મથકો, ગાંધીગરમાં ૨૩૨, કલોલમાં ૫૦ મતદાન મથકો અને માણસામાં ૬૧ મતદાન મથકો નિયત કરવામાં આવેલા છે.

જિલ્લામાં નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે તંત્રએ તેની કવાયત તેજ બનાવી દીધી છે. તંત્રએ આ માટે અલગ અલગ જાહેરનામા જારી કરી દીધા છે એટલું જ નહિ દારૂબંધીના કડક અમલ માટે પણ પોલીસને સૂચનાઓ આપી દેવામાં આવી છે.

રવિવારે યોજાનાર ચૂંટણી બે બેલેટ પેપરથી યોજાવાની હોઈ તંત્રએ આ વખતે વધુ કાળજી રાખવા માટે પણ પોલીંગ સ્ટાફને સૂચનાઓ અને તાલિમ આપી છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૫૩ કેસ

ગાંધીનગર, તા.૧૫

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી ફરી કોરોનાના કેસમાં વધારો થયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૩ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન કોઈપણ દર્દીનું મૃત્યુ થયું નથી. તો રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૩ દર્દીઓ સાજા પણ થયા છે.

રાજ્યમાં અત્યાર સુધી કોરોનાના કુલ ૮ લાખ ૨૮ હજાર ૨૯૯ કેસ નોંધાયા છે. તો કોરોનાને કારણે રાજ્યમાં ૧૦૧૦૦ લોકોના નિધન થયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં વડોદરા શહેરમાં ૧૩ કેસ સામે આવ્યા છે. અમદાવાદ શહેરમાં ૮, રાજકોટ શહેરમાં ૭, સુરત શહેરમાં ૬, નવસારીમાં ૪, કચ્છમાં ૩ કેસ નોંધાયો છે.

# શહેરના જાણીતા સહકારી અગ્રણી ઘનશ્યામ પટેલનું દુઃખદ નિધન

**સદગતની અંતિમયાત્રા તા.૧૭મી ડિસેમ્બરે સવારે ૭ કલાકે સે.૫/એથી નિકળી મુક્તિધામ જશે**

ગાંધીનગર તા.૧૫

ગાંધીનગર નાગરિક બેંકના પૂર્વ ચેરમેન તથા શહેરના પાટીદાર અગ્રણી ઘનશ્યામભાઈ કાંતિભાઈ પટેલનું ૫૭ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ અકાળે નિધન થવા પામ્યું છે. સદગતની અંતિમ યાત્રા તા.૧૭મી ડિસેમ્બરે સવારે ૭ કલાકે તેમના સેક્ટર-૫એમાં પ્લોટ નં. ૪૯૨/૨ ખાતેના નિવાસસ્થાનેથી નિકળી સે.૩૦માં મુક્તિધામ સ્મશાને જશે.

સ્વ. ઘનશ્યામભાઈ પટેલ છેલ્લાં ૨૫ વર્ષથી ગાંધીનગર નાગરિક બેંકના ડીરેકટર તરીકે સેવા આપી રહ્યાં હતા, તેમણે બેંકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પદે પણ સેવાઓ આપી હતી. તેઓ ભાજપના યુવા પાંખના પૂર્વ પ્રમુખ રહી ચુક્યા છે તેમજ ગાંધીનગરના દસકોશી લેઉવા પાટીદાર સમાજના અગ્રણી હતા. સ્પષ્ટવક્તા અને



સખત પરિશ્રમી વ્યક્તિત્વ ધરાવતા સ્વ.ઘનશ્યામભાઈ પટેલ શહેરમાં વિશાળ મિત્ર વર્તુળ ધરાવતાં હતાં અને કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓ ગાંધીનગર કલ્ચરલ ફોરમના સ્થાપક સહમંત્રી રહી ચુક્યાં હતા અને યુવા દિશા કેન્દ્રના ટ્રસ્ટી હતાં. ભારતીય જનતા પાર્ટીના સક્રિય અગ્રણી હોવા સાથે તેમણે ૨૦૧૬માં મહાનગરપાલિકાની ચૂંટણી પણ ભાજપની ટિકિટ પર લડી હતી. તેઓ પોતાની પાછળ પત્ની અલકાબેન તથા બે દીકરીઓ દેવલ અને ધ્વનિને કલ્પાંત કરતા મૂકી ગયા છે. તેમની નાની દીકરી દ્રષ્ટિ વિદેશ રહેતી હોવાથી તે ગુરૂવારે આવશે અને ત્યારબાદ શુક્રવારે સદગતની અંતિમક્રિયા યોજાશે. અત્યારે તેમના પાર્થિવ શરીરને કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યું છે. સ્વ. ઘનશ્યામભાઈ પટેલના આકસ્મિક નિધનથી પાટનગરે એક આશાસ્પદ અને જોશીલું નેતૃત્વ ધરાવતું વ્યક્તિત્વ ગુમાવ્યું છે જેના કારણે ગાંધીનગરના જાહેર જીવનને મોટી ખોટ વર્તાશે.

# ગાંધીનગરમાં આજથી ઈન્ડિયન ટુર ઓપરેટર્સ એસોસિએશનનુ ત્રિદિવસીય સંમેલન

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં આજથી ઈન્ડિયન એસોસિએશન ઓફ ટુર ઓપરેટર્સનુ વાર્ષિક સંમેલન યોજાશે મુખ્યમંત્રીના હસ્તે આ સંમેલનનુ ઉદઘાટન કરવામાં આવશે. જેમાં દેશના વિવિધ ૧૨ રાજયોના પ્રતિનિધિ તેમજ ૯૦૦ થી વધુ ડેલીગેટસ હાજરી આપશે. ગુજરાતમાં પણ તેજ ગતિએ થતા વિકાસની સાથે ટુરીઝમની દ્રષ્ટીએ નવા ડેસ્ટીનેશન ઉપલબ્ધ થયા છે ત્યારે આવનારા દિવસોમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા વધવાની સાથે રોજગારીની નવી તકો પણ ઉપલબ્ધ થશે તેવો વિશ્વાસ પણ એસોસિએશનના પ્રમુખે વ્યકત કર્યો છે.

ગાંધીનગર ખાતે ઈન્ડિયન એસોસિએશન ઓફ ટુર ઓપરેટર્સનુ આજથી ૩૬ મુ વાર્ષિક સંમેલન યોજવામાં આવશે. કોવિડના લીધે ગત વર્ષ ૨૦૨૦માં આ આયોજન પડતુ મુકવામાં આવ્યુ હતુ. આ તબકકે એસોસિએશનના પ્રમુખ રાજીવ મિશ્રાએ જણાંવ્યુ હતુ કે આ સંમેલન દરવર્ષે દેશમાં અલગ અલગ જગ્યાએ યોજવામાં આવે છે. જયારે બે વર્ષ અગાઉ કોવિડના લીધે આયોજન રદ કરવામાં આવ્યુ હતુ. હાલ ભારતમાં કોવિડના મામલે સ્થિતિ કાબુમાં છે. ત્યારે ગાંધીનગરની લીલા હોટલ ખાતે આ વાર્ષિક સંમેલન યોજવામાં આવનાર છે. વાર્ષિક સંમેલનનુ ઉદઘાટન તા ૧૬ ડિસેમ્બરના રોજ સાંજે ૪ : ૩૦ કલાકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવશે. તા ૧૬ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન રોડ ટુ રીકવરી થીમ અન્વયે યોજાનારા આ સંમેલનમાં અંદાજિત ૯૦૦ જેટલા ડેલીગેટસ હાજરી આપશે. જયારે આ તબક્કે અતિથિ વિશેષ તરીકે પ્રવાસન મંત્રી પુર્ણેશ મોદી, પ્રવાસન રાજય મંત્રી અરવિંદભાઈ રૈયાણી, દિલ્હીથી પ્રવાસન સચિવ અરવિંદ સિંઘ ઉપરાંત ગુજરાતના પ્રવાસન સચિવ હરિત શુકલા તેમજ પ્રવાસન નિગમ લિમિટેડના મેનજીંગ ડિરેકટર જેનુ દેવાન પણ હાજરી આપશે. સાંજે ૬ કલાકે ટુરિઝમ ફેર માર્ટનો ઉદઘાટન સમારોહ યોજવામાં આવશે. છેલ્લા ઘણાં સમયથી કોરોનાના કહેર વચ્ચે બધા એકમોનો મિજાજ મંદ જોવા મળે છે. જયારે ટુરીઝમમાં પણ ડાઉનફોલ જોવા મળી રહ્યો છે. જયારે ગુજરાતમાં વેકિસનેશન વધુ થયુ છે. ગુજરાતનો વિકાસ પણ તેજ ગતિએ થઈ રહ્યો છે. ત્યારે આ સંમેલનમાં ગુજરાતના પ્રવાસન સ્થળો તરફ વધુ ધ્યાન આકર્ષિત થાય તેવા પણ પ્રયાસો કરાશે. આ સંમેલનમાં દેશના વિવિધ ૧૨ રાજયોના પ્રતિનિધિઓ આવશે જેમાં ઉત્તર પ્રદેશ, કેરલા, જમ્મુ કશ્મીર, ઉત્તરાખંડનો પણ સમાવેશ થાય છે. ટુરીઝમ ક્ષેત્રનો ધબકતુ અને ધમધમતુ રાખવા માટે કોવિડ પ્રોટોકોલના પાલન સાથે કામ કરાશે. આ તબકકે એસોસિએશનના રજનીશ કઈસ્થાએ જણાંવ્યુ હતુ કે પેન્ડેમિક વે ઓફ લાઈફ થયો છે. ત્યારે દેશમાં ૧૩૦ કરોડને વેક્શિનેશન કરીને બહારના દેશોને પણ એક મેસેજ આપ્યો છે. ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી નવા ડેસ્ટીનેશન ઉભા થયા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી , હેરીટેઝ સાઈટ,કચ્છ ભુજ સહીતના સ્થળોએ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યા વધે તે માટે પણ પ્રયાસો કરવામાં આવશે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે ત્રિદિવસીય આ સંમેલનના અંતે મંથન કર્યા બાદ એક રીપોર્ટ પણ તૈયાર થશે જયારે આ રીપોર્ટ ગુજરાત ટુરીઝમને સુપ્રત કરાશે.

## ચેમ્બરોના વિવાદમાં પંચાયતના કર્મચારીઓને બેસવાની સમસ્યા હળવી જરૂર થઈ...

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આગની દુર્ઘટના પછી કર્મચારીઓને બેસવાની ઉભી થયેલી તકલીફનો હવે અંત આવ્યો છે.

જિલ્લા પંચાયતમાં મહિલા બાળ વિકાસ વિભાગના કર્મચારીઓને જિલ્લા પંચાયતના ત્રીજા માળે જગ્યા ફાળવવામાં આવી છે. આ ઉપરાંત ચીટનીસની ચેમ્બર પણ બીજા માળે અધિક જિલ્લા આરોગ્ય અધિકારી પ્રતિ નિયુક્તી પર ગયા હોવાથી તેમની ચેમ્બર ફાળવવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં ચીટનીસને ફાળવવામાં આવેલ ચેમ્બર પ્રોગ્રામ ઓફિસરને ફાળવવામાં આવી છે. હજુ ઉપપ્રમુખની ચેમ્બર અંગે નિર્ણય લેવામાં આવ્યો નથી. જો કે ઉપપ્રમુખને હાલ તો પ્રમુખના કાર્યાલયમાં જ તેમની ખુરશી પાસે ખુરશી મુકી અને બેસવાની જગ્યા કરી આપવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં કર્મચારીઓને બેસવાની તકલીફ તો છે જ. આંકડા શાખાના કર્મચારીઓ અને અધિકારીને સહકાર શાખાની જે જગ્યા હતી ત્યાં વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તેમજ બે થી ત્રણ કર્મચારીઓને પંચાયત શાખામાં સમાવવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં ચેમ્બરોના વિવાદ વચ્ચે કર્મચારીઓની બેસવાની સમસ્યા લગભગ ઉકેલાઈ ગઈ છે.

હવે નવી જગ્યા અને કચેરીના નવા મકાનનો મુદ્દો એ અગ્રતામાં છે તેમ જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આજે પત્રકારો સાથેની અવિધિસરની વાતચીતમાં સ્વીકાર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે અમે રજુઆત કરી આવ્યા છીએ અને આગામી એક-બે દિવસમાં પુનઃ રજુઆત સંદર્ભે થયેલી કામગીરીમાં શું પ્રગતિ થઈ તે જાણવા સચિવાલય જરૂર જઈશુ. તેઓ આ મુદ્દે જરૂર પડ્યે બીજીવાર મુખ્યમંત્રીને મળીશુ તેમ પણ કહ્યુ હતુ.

# લવારપુર ઓવરબ્રીજ પાસેના સર્વીસ રોડની બિસ્માર હાલતથી વાહનચાલકો ત્રસ્ત

ગાંધીનગર તા.૧૫

ગાંધીનગરના મોટા ચિલોડાથી અમદાવાદ તરફ જતા નેશનલ હાઈવે નં.૮ પર લવારપુર ગામ પાસે બનાવાયેલા ઓવર બ્રીજની બાજુમાં સર્વિસ રોડની અત્યંત બિસ્માર હાલતથી વાહનચાલકો ત્રસ્ત થઈ ગયા છે. છેલ્લા ત્રણેક માસથી સાવ તુટી ગયેલી હાલતમાં અસંખ્ય ખાડાઓ તેમજ ઉખડી ગયેલી કપચીના કારણે સર્વિસ રોડ પરથી પસાર થવું તે વાહનચાલકો માટે અત્યંત દુષ્કર અને અકસ્માતના જોખમભર્યું બની જવા પામ્યું છે.



ગુજરાત સરકારના નવા માર્ગ અને મકાનમંત્રી પૂર્ણેશ મોદી દ્વારા તાજેતરમાં જ માર્ગ સુધારણા અભિયાન ચલાવાયું હતું અને રાજયમાં કોઈપણ જગ્યાએ બિસ્માર રોડ અંગે માત્ર સોશ્યલ મીડિયા પર ફોટો અને વિગતો મોકલવાથી તે માર્ગનું સમારકામ કરી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે હજુ પણ રાજ્યમાં અનેક સ્થળે મુખ્ય માર્ગોની પરિસ્થિતી અત્યંત દયાજનક છે જેમાં ખાસ કરીને જે માર્ગો પર વિકાસ કાર્યો ચાલી રહ્યા છે ત્યાં હાલત વધુ ચિંતાજનક છે. નેશનલ હાઈવેથી માંડીને સ્ટેટ હાઈવે સુધીના માર્ગો પર જ્યાં રસ્તાને પહોળો કરવાના અથવા ઓવર બ્રિજ કે અંડર પાસ બનાવવાના કાર્યોમાં વાહનચાલકો માટે આપવામાં આવતા ડાયવર્ઝન અથવા તો સર્વિસ રોડ બાબતે ગુણવત્તા જાળવણીમાં કચાશ જોવા મળી રહી છે. અમદાવાદથી ચિલોડા થઈને હિંમતનગર તરફ જતા નેશનલ હાઈવે પર અનેક ઠેકાણે ડાયવર્ઝન આપવામાં આવ્યા છે તે તદ્દન નબળી ગુણવત્તાના જોવા મળી રહ્યાં છે.

## લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

અનુસંધાન ચોથાનું ચાલુ...

શંકરાચાર્યે કહ્યું, 'દુઃખ માત્રની નિવૃત્તિ અને પરમ સુખની પ્રાપ્તિ માટે ગીતા ગાન અને વિષ્ણુ સહસ્રનામનું રટણ ઉપાય છે.' વલ્લભભાચાર્યજીએ કહેલું કે, 'દેવ કી પુત્રની ગીતા એકમાત્ર શાસ્ત્ર છે.'

સ્વામી વિવેકાનંદે કહ્યું કે, 'ભગવદ્‌ગીતા એ ઉપનિષદ રુપી બગીચાઓમાંથી વીણી કાઢેલાં આધ્યાત્મિક સત્વ રુપી પુષ્પોથી ગુંથેલી સુંદર છડી - કલગી છે.'

પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી તો કહેતા કે, 'ગીતા સાગરમાં ભાવ અને શ્રદ્ધાથી ડૂબકી મારીએ તો એકાદ રત્ન તો મળે જ અને જીવનમાં બદલાવ આવે જ.'

ગીતા તો 'સર્વે ભૂત હિતે રતાઃ' છે, એટલે જ પશ્ચિમી તત્ત્વવિદોએ કહેવું પડ્યું, 'ગીતા ઈઝ એ ઈન્ડિયાઝ વેલ્યુ એડેડ કોન્ટ્રીબ્યુશન ટું ફ્યુચર રીલીઝન ઓફ વર્લ્ડ.' અર્થાત્ ગીતા એ ભાવિ વિશ્વ ધર્મનું ઉચ્ચત્તમ મૂલ્યલક્ષી માળખું છે. દિને દિને નવં નવં એવો ગીતાગ્રંથ તો શામળિયાના સુગંધી શ્વાસ છે, ભૂધરાનું ભાવમયભીતર છે, અને વિઠ્ઠલની વાઙમયી મૂર્તિ છે, પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનું તત્ત્વજ્ઞાન છે, જીવનની સમસ્યાનું સમાધાન ને સુખી જીવનની જડીબુટ્ટી છે. આપણી અંદર કૌરવો જેવી ૧૦૦ બુરાઈઓ છે ને પાંડવો જેવી પાંચ સારી બાબતો પણ છે જ. એમાંથી મુક્તિ મેળવવાનું યથાર્થ દર્શન ગીતા કરાવે છે.... ચાલો, ગીતા વિચારો જીવનમાં વણી સાચી ગીતાજયંતિ ઊજવીએ....!!!

સ્પર્શમણિ :

અર્જુનને દોડાવવો હોય તો શ્રીકૃષ્ણ બનવું પડે, પણ શ્રીકૃષ્ણને દોડાવવો હોય તો સુદામા બનવું પડે !!

● ● ●

દરેક સંતાનના જીવનમાં સાક્ષાત્ ઉપદેશ આપતી ગીતા એટલે 'પિતા.'

# ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશનની કામગીરી ૯૫ ટકા સંપન્ન

**વેક્સિનનો બીજો ડોઝ લેવામાં ૧૮ થી ૪૪ વર્ષના વય જૂથમાં ઓછો પ્રતિસાદ મળ્યો : મતદાનના દિવસે મતદાન મથક નજીક ખાસ વેક્સિનેશન કેન્દ્રો ઉભા કરવાનું આયોજન**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૯૫ ટકાથી વધુ કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૮,૩૩,૫૬૯ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપી અને ૯૮.૩૩ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આજ પ્રમાણે ૭,૭૧,૦૦૦ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી ૯૩.૪૬ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનનો બીજો ડોઝ લેવામાં ૪૫ થી વધુ વયના લોકોએ સારો પ્રતિસાદ આપ્યો છે. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ વયજૂથમાં ૯૯.૬૬ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે ૧૮ થી ૪૪ વર્ષના વય જૂથમાં બીજા ડોઝની કામગીરી ૮૯.૪૧ ટકા જેટલી થઈ છે.

દરમ્યાન રવિવારે યોજાનાર પંચાયતની ચૂંટણી દરમ્યાન મતદાન મથક બહાર ૨૧૩ જેટલા વેક્સિનેશન બુથ ઉભા કરી વેક્સિનનેશનની ખાસ ઝુંબેશ હાથ ધરવાનું આયોજન આરોગ્યતંત્રએ કર્યુ છે.

આ દિવસે કલોલમાં ૧૪ સેશન સાઈટો, માણસામાં ૨૧ સેશન સાઈટો, દહેગામમાં ૮૬ સેશન સાઈટો અને ગાંધીનગરમાં ૯૨ સેશન સાઈટો ઉભી કરવામાં આવશે.

આ સેશન સાઈટો પર કોવિક્સન અને કોવીશિલ્ડ એમ બન્ને રસી ઉપલબ્ધ કરાવવામાં આવશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૫મી સુધીમાં ૧૦૦ ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ કરવાના લક્ષ્ય સાથે તંત્ર આગળ વધી રહ્યાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં હર ઘર દસ્તક અભિયાનને પણ સારો પ્રતિસાદ મળ્યો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. ૧.૫૦ લાખથી વધુ લોકોનું આ અભિયાન અંતર્ગત વેક્સિનેશન કરવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

**ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લી.**
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

**નોટીસ નંબર-૧૫ / ૨૦૨૧-૨૨ (બીજો પ્રયત્ન)**

કા.ઈ.(સી) યુનિટ-૨ (સુજલામ-સુફલામ), ૨જો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, માર્ગ નં-૨, જળશક્તિ માર્ગ, સેક્ટર નં.-૮, ગાંધીનગર દ્વારા સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનીટ (એસ.પી.એમ.યુ.: અને ડીસ્ટ્રીક પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનીટ (ડી.પી.એમ.યુ.) અટલ ભૂજલ યોજના (અટલ જલ) ગુજરાતની કચેરીઓમાં આઉટ સોર્સીંગ દ્વારા વાહન સુવિધા (વાહન હંકારનારની સેવા સાથે) પુરી પાડવા માટેના ઓનલાઈન ટેન્ડરમાં ભાગ લેવા રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર / નોટીસ www.gwrdc.nprocure.com વેબસાઈટ ઉપરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકશે.

- **ટેન્ડર બીડ ઓપલોડ શરૂ કરવાની તારીખ તા. ૧૪/૧૨/૨૦૨૧**
- **ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ : ૨૪/૧૨/૨૦૨૧, ૧૮ કલાક સુધી**
- **ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર/ડીડી), તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.ઓ.એ.ડી / સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીખ અને સમય : તા. ૨૫/૧૨/૨૦૨૧ થી તા. ૩૦/૧૨/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી**
- **ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : તા. ૩૧/૧૨/૨૦૨૧, ૧૬.૦૦ કલાકે**

ટેન્ડર ફી રૂપિયા - ૩,૦૦૦/- ડી.ડી. સ્વરૂપે તથા ઈએમડી રૂપિયા ૭૭,૦૦૦/- (ડી.ડી. અથવા એફડીઆર) "Executive Engineer (C), Unit-2 (S.S) Gandhinagar"ના નામે આપવા તથા તેની સ્કેન કોપી કરીને 'ઓનલાઈન' ટેન્ડરમાં મુકવી. વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.gujarat.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે.

માહિતી/૧૭૦૦/૨૧-૨૨